# શાળાનો ઈતિહાસ

૧૯૦૭, સરકારી મિડલ સ્કૂલમાં બે શિક્ષકો શ્રી જીવણલાલ હરિપ્રસાદ દીવાન અને શ્રી બળવંતરાય પરમોદરાય ઠાકોર કાર્યરત હતા. શ્રી જીવણલાલ દીવાનના ભત્રીજા ચિ. વજેન્દ્ર અને શ્રી બલ્લુભાઈ ઠાકોરના સુપુત્ર ચિ. નરેન્દ્રને એ જ શાળામાં પ્રવેશ આપવાનો ધરાર ઈન્કાર કરવામાં આવતા બંને શિક્ષકોને સ્વમાન ઘવાયાની લાગણી થઈ. પરિણામે તેઓએ શિક્ષક તરીકે રાજીનામું ધરી દઈને પોતાની જ શાળા શરૂ કરવાનો નિર્ણય કર્યો. સ્વાભાવિક રીતે જ, અંગ્રેજ સરકાર પાસેથી કોઈ જ મદદ નહિ લેવાની હોવાથી તેઓએ પોતાની શાળાનું નામ આપ્યું : પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ. શાળાનો આરંભ થયો ૬ જાન્યુઆરી, ૧૯૦૮ ના રોજ ૧૦૨ વિધ્યાર્થીઓ સાથે, મસ્કતી માર્કેટના એક મકાનમાં. સમય જતાં વિધ્યાર્થીઓની સંખ્યા વધતાં મકાન અત્યંત નાનું પડવા લાગ્યું, આથી ૧૯૧૨ માં ત્રણ દરવાજા પાસેની બેલેન્ટાઈન હવેલીમાં વિશાળ જ્ગ્યામાં શાળાનું સ્થળાંતર થયું. મકાનમાલિક દ્વારા ભાડા વધારાની સતત માંગને લીધે શ્રી દીવાન અને શ્રી બલ્લુભાઈએ પોતાની જ્ગ્યામાં પોતાની શાળાનું નવું મકાન બાંધવાનો નિશ્ચય કર્યો અને ૧૯૩૮ માં કાંકરિયા વિસ્તારમાં હાલની જ્ગ્યાએ શાળાનું સ્થળાંતર થયું.

૧૯૧૮ માં રોલેટ એક્ટ પસાર થતાં, મહાત્મા ગાંધીજીએ અસહકારની લડતનો પ્રારંભ કરવાનો નકકી કર્યુ અને શ્રી જીવણલાલ દીવાન અને શ્રી બલ્લુભાઈ બંને સહૃદયતાપૂર્વક આ ચળવળમાં જોડાઈ ગયા. મહાત્મા ગાંધીના સૂચનને અનુસરીને તેઓએ મુંબઈ યુનિવર્સિટી સાથેના તમામ સંબંધો કાપી નાંખ્યા અને મહાત્મા ગાંધીએ સ્થાપેલી ગુજરાત વિધ્યાપીઠ સાથે શાળાનું જોડાણ કર્યુ. એ સમયે ગુજરાત વિધ્યાપીઠ વૈજ્ઞાનિક યુનિવર્સિટી નહિ હોઈ વિધ્યાર્થીઓની સંખ્યા પ્રતિદિન ઘટવા લાગી. ચિંતાતુર બનેલા શ્રી જીવણલાલ દીવાન અને શ્રી બલ્લુભાઈએ સરદાર વલ્લભભાઈ પટેલની સલાહ લઈને ફરીથી શાળાનું જોડાણ મુંબઈ યુનિવર્સિટી સાથે કર્યું.

૧૯૩૦ માં મહાત્મા ગાંધીએ મીઠાનો સત્યાગ્રહ આદર્યો હતો અને મીઠાના કાયદાનો ભંગ કરવા સારુ દાંડીકૂચ કરી હતી. શ્રી દીવાન અને શ્રી બલ્લુભાઈ બંને સત્યાગ્રહમાં જોડાયા અને જેલમાં પણ ગયા. પોતાની મિલ્કત અંગ્રેજ સરકાર જપ્ત કરી લેશે તેવી આશંકાથી શાળા પરથી પોતાના માલિકી હકો ઉઠાવી લઈને ૧૯૩૧ માં ધ પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ ટ્રસ્ટના નામે પબ્લિક ટ્રસ્ટને હસ્તાંતર કર્યા. તે અગાઉ ૧૯૩૦ માં જ શ્રી બલ્લુભાઈએ સાબરમતી નદીના પટમાં મળેલી જાહેર સભામાં ગાંધીજીને ટ્રસ્ટ ડીડ સુપરત કર્યુ હતું. ત્યારથી બધી જ શાળાઓનો વહીવટ આ ટ્રસ્ટ જ કરે છે.

૧૯૩૯ માં શ્રી બલ્લુભાઈ ઠાકોરનું અવસાન થયું અને પોતાના જીવનભરના સખાનું અચાનક દેહવિલય, એ શ્રી જીવણલાલ દીવાન માટે સહન ન કરી શકાય તેવો મોટો ફટકો હતો. આના પરિણામે શ્રી જીવણલાલ દીવાન ઉપર પક્ષાઘાતનો હુમલો થયો. શાળાની મેનેજમેન્ટે એક વરિષ્ઠ શિક્ષક શ્રી ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોરને શાળાના વહીવટમાં દેખરેખ રાખવા જણાવ્યું. પોતાની નાજુક તબિયત હોવા છતાં પણ શ્રી જીવણલાલ દીવાને ૧૯૫૨ માં પોતાના મૃત્યુપર્યંત શાળામાં હાજરી આપવાનું જારી રાખ્યું. બંને સ્થાપકોની સ્મૃતિ ચિરંજીવી રહે તે સારુ શાળાના ટ્રસ્ટીઓએ ૧૯૫૨ માં જ શાળાનું નવું નામાભિધાન કર્યુ : ‘દીવાન – બલ્લુભાઈ માધ્યમિક શાળા’.

૧૯૪૧ માં અમદાવાદમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં અને એલિસબ્રિજ વિસ્તારમાંથી આવતાં શાળાના વિધ્યાર્થીઓને કાંકરિયાની શાળામાં હાજરી આપવાની મુશ્કેલી પડવા માંડી. તેમની સુવિધા ખાતર મેનેજમેન્ટે એલિસબ્રિજ વિસ્તારમાં એ જ નામ હેઠળ નવી શાળા શરૂ કરવાનું નકકી કર્યુ અને કાંકરિયાની શાળાના અન્ય વરિષ્ઠ શિક્ષક શ્રી વિક્રમભાઈ કે. દેસાઈને આ શાળાનો હવાલો સોંપાયો. શરૂઆતમાં શાળા પ્રિતમનગરના ભાડાના મકાનમાં કાર્યરત હતી, પણ ત્યારબાદ ૧૯૫૨ માં પાલડીના હાલના સ્થળે તેનું સ્થળાંતર થયું. ૧૯૬૬ માં મેનેજમેન્ટે કાંકરિયા અને પાલડી બંને સ્થળોએ પ્રાથમિક શાળાઓ(બાલમંદિર સહિત) શરૂ કરી. આ બધી જ શાળાઓમાં મોટી સંખ્યામાં

વિધ્યાર્થીઓ કેળવણી પામી રહ્યા છે અને આ શાળાઓને કેળવણીકારો અને શિક્ષણવિદો તરફથી પ્રશંસા સાંપડી રહી છે. આ શાળાઓ મોટા અલાયદા મકાનો, રમતગમતના વિશાળ મેદાનો, સુસજ્જ પ્રયોગશાળાઓ અને અધ્યતન શૈક્ષણિક સાધનો ધરાવે છે. એસ. એસ. સી. અને એચ. એસ. સી. ની જાહેર પરીક્ષાઓમાં સફળ વિધ્યાર્થીઓની યાદીમાં શાળાઓના વિધ્યાર્થીઓ અચૂકપણે મોખરે રહે છે. શિક્ષણેતર પ્રવૃતિઓ જેવી કે રમતગમત, સંગીત, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વગેરેમાં પણ શાળાના વિધ્યાર્થીઓ ઊંચુ સ્થાન પ્રાપ્ત કરે છે. બધી જ શાળાઓ માત્ર અમદાવાદમાં જ નહિ, બલ્કે સમગ્ર ગુજરાતમાં નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ તરીકે વિખ્યાત છે. શાળાઓના મોટાભાગના વિધ્યાર્થીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાની અમીટ છાપ ઉપસાવી છે.

તેને અનુરૂપ આ સંસ્થા આજે બે માધ્યમિક શાળા અને બે પ્રાથમિક શાળા ધરાવે છે. જે આજે દીવાન બલ્લુભાઇ શાળાના નામે ઓળખાય છે. અને તેમાં લગભગ ૮૦૦૦થી વધુ વિધ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અને ૮૦,૦૦૦થી વિધ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂકયા છે.જેઓએ ઘણા વિવિધક્ષેત્રોમાં દેશ પરદેશમાં શાળાનું અને રાષ્ટ્રનું નામ રોશન કરેલ છે. અને કરી રહયા છે. જેમાં શ્રી આઈ.આઈ.ચુંદરીગર જે પાકિસ્તાનાન કાયદામંત્રી તરીકે હતા.સરદાર વલ્લભાઇ ના પુત્રી મણીબેન પટેલ જેઓ સ્વાતંત્ર સેનાની હતા.તેમજ લીલાવતીબેન મુન્શી, જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત કરનાર ઉમાશંકર જોષી, બકુલ ત્રિપાઠી, મધુસુદન પારેખ તથા કુમારપાળ દેસાઈ વગેરે સાહિત્યકારો, પદમશ્રી એવોર્ડ પ્રાપ્ત કરનાર ડૉ.અતુલભાઈ ચોકસી, નૌકા દળમાં વેસ્ટર્ન કમાન્ડ સંભાળતા કમાન્ડરના સ્થાન પર રહેલા ઉત્પલભાઈ વોરા, નાસાનાં વૈજ્ઞાનિક ઉપેન્દ્રભાઇ દેસાઇ, અગ્રણી સંગીતકાર અવીનાશ વ્યાસ તથા ઇગ્લેન્ડમાં તબીબી ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતાં ડૉ.ગૌતમ બોડીવાલા વગેરે આ શાળાના વિધ્યાર્થીઓ છે.

આ શાળામાં શિક્ષણની કોઇ પણ પ્રકારની બદીને સ્થાન નથી અને બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવી વિવિધ પ્રવૃતિઓના આયોજન સાથે શ્રેષ્ઠ શિક્ષણ પીરસાઇ રહયું છે.વેકેશન દરમ્યાન શાળામાં જુદા જુદા વર્ગો જેવા કે ક્રિકેટ કોચિંગ, ચિત્ર, સંગીત, ગ્લાસપેન્ટીંગ, નૃત્ય ચલાવવામાં આવે છે.

આ શાળાના પૂર્વ વિધ્યાર્થીઓ શાળા પ્રત્યે ખૂબ જ લાગણી ધરાવે છે. જેથી શાળામાં શ્રેષ્ઠ શિક્ષણ માટેની ભૌતિક સુવિધાઓ તેમજ શિક્ષણમાં આધુનિક ટેકનોલોજીની સુવિધા વધારવામાં મદદરૂપ થવા માટે હમેશાં તૈયાર હોય છે.

આ શાળામાં આઠ વર્ષથી નિયમિતપણે રકતદાન કેમ્પોનું આયેજન કરાય છે. અને અત્યાર સુધીમાં ૧૬૦૦થી વધુ યુનિટ રકત રેડક્રોસને મોકલેલ છે.

શાળાના વિધ્યાર્થીઓ રાષ્ટ્રીય આપતિ જેવી કે ભૂકંપ, અતિવૃષ્ટી, દુષ્કાળ, ત્સુનામી, કોમી તોફાનો વગેરે સમયે જે તે જરૂરીયાતવાળા વિસ્તારોને તેમજ સરકારને પણ સહયોગ પૂરો પાડે છે અને મદદરૂપ થાય છે.

પ્રોપ્રાયટરી હાઇસ્કુલ ટ્રસ્ટના પૂર્વ ચેરમેન અને ગુજરાત હાઇકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ સ્વ. બી. જે. દીવાન હમેશાં શાળાના દીશાંત પ્રવચનમાં કહેતા વહાલા વિધ્યાર્થીઓ હમેશાં સિંહ બનો.......શિયાળ નહી. સ્પષ્ટ વકતા બનો સાચુ બોલો, સારૂ કરો અને પૂર્વ વિધ્યાર્થીઓ શાળાની મુલાકાતે આવે છે ત્યારે આ શબ્દોને યાદ કરતા હોય છે.

શ્રી જીવણભાઈ દીવાન અને બલ્લુભાઈ ઠાકોરે પ્રસ્થાપિત કરેલા શૈક્ષણિક વિચારોનું આજે પણ ડૉ.હેમાંગભાઈ દેસાઈ, અમિતાભભાઈ ઠાકોર અને તેમની ટીમ શ્રેષ્ઠ રીતે વહન કરી રહયા છે.

શાળામાં હાલમાં આચાર્ય તરીકે સેવા બજાવતાં ડૉ.કિરીટભાઇ જોષીને વર્ષ ૨૦૦૧માં રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને ૨૦૦૬માં ડૉ. અબ્દુલ કલામ સાહેબના હસ્તે રાષ્ટ્રપતિનો શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.